રામનવમી નિમિત્તે ગજાનન સેવા સમિતિનું અન્નદાન, વસ્ત્રદાન

ગાંધીનગર, તા. ૩

શ્રી ગજાનન સેવા સમિતિ, દ્વારા રામનવમી નિમિત્તે મોડાસા તાલુકાના વાંટડા ગામે ૨૯ લાભાર્થીઓને અન્નદાનનું વિતરણ કરેલ હતું. સમિતિનાં શ્રી રાકેશભાઈ, વિલેશ મોરે, શ્રી મુકેશભાઈ, શ્રી મિલિન્દ ગુપ્તે સંયુક્ત રીતે વિવિધ પ્રકારોનાં દાન કરેલ હતા.

ભલોડા તાલુકાના ભટાલી ગામની પ્રાથમિક શાળાના બાળકોને ચણાના પેકેટો વહેંચ્યાં હતા. ભટાલી આશ્રમ શાળામાં અન્નદાન કરેલ હતું. રાયપુર કન્યા છાત્રાલયની બાળાઓને ગણવેશ આપેલ હતો. ૨૧ વખત 'જય શ્રીરામ' નું સૂત્રનું પેન્ટીંગ કરેલ હતું.

સમસ્ત બ્રહ્મ સમાજ સે. પના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૩

પહેલી એપ્રિલ, રવિવારના રોજ સેકટર-પના સમસ્ત બ્રહ્મસમાજની બેઠકમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ છે. જેમાં પ્રમુખ શ્રી જિતેન્દ્રભાઈ જે. ત્રિવેદી, ઉપ-પ્રમુખ શ્રી સુરેશભાઈ ગીરજાશંકર દવે, મંત્રીશ્રી બીપીનચંદ્ર મોહનલાલ જાની, સહમંત્રીશ્રી યોગેશકુમાર અનિરુધ્ધભાઈ શુકલ, ખજાનચી શ્રી રાજેશભાઈ ગજાનન ત્રિવેદી. કારોબારી સભ્યો શ્રી જે. એલ. જોષી, વિનોદકુમાર રાવલ, શ્રી ભરતભાઈ એન. ત્રિવેદી, શ્રી જીજ્ઞેશભાઈ વી. રાવલ અને શ્રી ડાહ્યાભાઈ જે. પુરોહિત.

જમીયતપુરા કેનાલમાંથી પરિણિતાનો મૃતદેહ મળી આવતા ચકચાર

ગાંધીનગર, તા. ૩

સે. ૪-બી માંથી છેલ્લા ત્રણ દિવસથી લાપતા થયેલી પરિણિતાનો જમિયતપુરા કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો છે. પરિણિતાએ કયા કારણસર આપઘાત કર્યો તે અંગે અડાલજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૪-બીમાં પ્લોટ નં. ૫૨૪/૨માં રહેતા વર્ષાબેન હિંમતસિંહ દરબાર ગત તા. ૧ એપ્રિલના રોજ સાંજના સમયથી લાપત્તા થતા તેમના પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી.

આ દરમિયાન આજે જમિયપુરા નર્મદા કેનાલમાંથી તેમનો મૃતદેહ મળતા અડાલજ પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. મૃતક પરિણિતાના પતિ હિંમતસિંહ વિધાનસભામાં ફરજ બજાવે છે. અડાલજ પોલીસ સ્ટેશનના જમાદાર અરજણભાઈએ આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આપઘાત સંદર્ભે ચોક્કસ કારણ જાણવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જસ્ટીસ કમલ મહેતા તપાસ પંચના અહેવાલની ભલામણોનો અભ્યાસ કરી પગલાં સૂચવવા કમિટિની રચના

ગાંધીનગર, તા. ૩

અમદાવાદ શહેરમાં વર્ષ-૨૦૦૯ જુલાઈમાં બનેલ લઠ્ઠાકાંડની ઘટનાની તપાસ માટે રચાયેલી તપાસ પંચે તેના અહેવાલમાં કરેલી ભલામણોનો અભ્યાસ કરીને આ અંગે પગલા ભરવા અંગેના સૂચનો રાજય સરકારને કરવા માટે રાજયના મુખ્ય સચિવના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી છે.

અમદાવાદ શહેર ખાતે જુલાઈ-૨૦૦૯ દરમિયાન ઝેરી પીણું પીવાથી કુલ ૧૪૮ વ્યક્તિઓના મૃત્યુ થયેલ હતા અને કુલ ૩૯૭ વ્યક્તિઓને સારવાર અર્થે જુદી જુદી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બનાવની ગંભીરતાને ધ્યાને લઈને રાજય સરકારે આ બનાવની તપાસ કરવા માટે ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધિશ શ્રી કમલ એમ. મહેતાના અધ્યક્ષપદે એક તપાસપંચની નિમણુંક કરવામાં આવેલ હતી.

આ તપાસ પંચે આ બનાવની તપાસ કરીને ભલામણ સાથેનો તેનો અહેવાલ ૨૫-૧-૨૦૧૨ના રોજ રાજય સરકારને સુપરત કર્યો હતો.

તપાસ પંચ દ્વારા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણો પર વિચારણા અને અમલીકરણની કાર્યવાહી કરવા માટે રાજય સરકારે રાજયના મુખ્ય સચિવના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરી છે. આ સમિતિમાં રાજયના પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના કમિશનર, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવ, નાણા વિભાગના સચિવ ગૃહ વિભાગના સચિવ, નશાબંધી વિભાગના નાયબ સચિવ અને નશાબંધી અને આબકારી વિભાગના નિયામકનો સભ્ય તરીકે આ સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સમિતિએ જસ્ટીસ કમલ એમ. મહેતા તપાસ પંચના અહેવાલ પર અભ્યાસ કરી તેમાં કરવામાં આવેલ ભલામણો અન્વયે જરૂરી પગલા લેવા માટે ત્રણ માસના સમય ગાળામાં સૂચવશે.

એસજી હાઈવે ખાતે સોના અને ચાંદીના વેપારીઓએ રસ્તા રોકો અને દેખાવો કર્યા હતા.

ગાંધીનગરના સિનિયર સિટીઝન્સ માટે બગદાણાની વિનામૂલ્યે યાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૩

બાપા સીતારામ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર શહેરના સિનિયર સિટીઝન્સ માટે ચૈત્રી સુદ પૂર્ણિમા હનુમાનજી જયંતિ નિમિત્તે તા. ૬ એપ્રિલના રોજ ૬૦ જેટલા વડીલોને લકઝરી બસ દ્વારા વિના મુલ્યે બગદાણાના બદરંગદાસ બાપાના દર્શનના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.

ભાવનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ એવા બગદાણા ખાતે પ.પૂ. સંત શિરોમણી શ્રી બજરંગદાસ બાપા-બાપા સીતારામના દર્શન તથા ભાવનગરના રાજપરા ખાતેના આઈશ્રી ખોડિયાર ધામ અને સાળંગપુરના શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીના દર્શનના પ્રવાસનો સુભારંભતા. પમી એપ્રિલને ગુરૂવારે રાત્રે ૧૦ કલાકે બાપાસીતારામ મઢુલી સેક્ટર-૨૧, શાકમાર્કેટની બાજુમાંથી થશે. આર્થિક રીતે નબળા વર્ગના અને અશક્ત વડીલો આ યાત્રામાં જોડાશે.

બાપા સીતારામ ફાઉન્ડેશન સંસ્થાના સ્થાપક અને મેનેજીંગ ટ્રસ્ટી સંજયભાઈ સોલંકીએ વધુમાં જણાવ્યું છે કે, આ યાત્રાનું અવિરતપણે દર માસની પૂર્ણિમાએ આયોજન કરવામાં આવશે. આગામી વૈશાખ માસની પૂર્ણિમાની યાત્રામાં ગાંધીનગર સ્થિત વૃદ્ધાશ્રમના વડીલોને સામેલ કરવામાં આવશે અને દરેક વખતે વિવિધ કેટેગરીના ભક્તોને સામેલ કરવામાં આવશે.

સ્વીસ-ઓરલીકોન કંપની ગુજરાતમાં ઓટો ગીયર્સ પાર્ટ મેન્યુફેકચરીંગ પ્લાન્ટ સ્થાપવા તત્પર

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મૂલાકાતે આવેલા સ્વીટ્ઝરલેન્ડની ઓસી ઓરલીકોન ઈન્ડસ્ટ્રીયલ ગ્રુપના ચેરમેન શ્રીયુત ટીમ સુમેર્સએ ગુજરાતમાં ઓટોમોબાઈલ્સ ક્ષેત્રે ડ્રાઈવ સીસ્ટમ ઈન વ્હીકલ ગીયર્સના મેન્યુફેકચરીંગ પ્લાન્ટ સ્થાપવાની તત્પરતા વ્યક્ત કરી હતી. સ્વીસની આ ઓરલીકોન કંપનીના ગુજરાતમાં ઓટો ગીયર્સ મેન્યુફેકચરીંગ પ્લાન્ટમાં સો ટકા વિદેશી મૂડીરોકાણ થશે અને ૧૦૦૦ યુવાનો માટે રોજગારીની તકો પ્રાપ્ત થશે.

મુખ્યમંત્રીશ્રીએ ઓરલીકોન સ્વીટ્ઝરલેન્ડનો ઓટો ગીયર્સ મેન્યુફેકચરીંગ પ્લાન્ટ ઝડપથી કાર્યરત થાય તે માટે રાજ્ય સરકારના નીતિવિષયક સહયોગની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે ઉદ્યોગના અગ્ર સચિવશ્રી એમ. શાહુ પણ ઉપસ્થિત હતા.

મહાવીર સ્વામી જન્મ કલ્યાણક પર્વની શુભકામના પાઠવતા રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રી

અમદાવાદ, તા. ૩

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ પર્વની ગુજરાતના સમસ્ત જૈન અને જૈનેતર પરિવારોને શુભકામના પાઠવી હતી. ભગવાન મહાવીરની જન્મજયંતિ નિમિત્તે ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. રાજ્યપાલશ્રીએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે ભગવાન મહાવીરે અહિંસા, સત્ય, અસ્તેય, અપરિગ્રહ, ક્ષમા અને પ્રેમનો સંદેશ પ્રસાર્યો છે. માનવજાતિના કલ્યાણ માટે ભગવાન મહાવીરના ઉપદેશોને આપણે અનુસરણ કરીએ, જે આજે પણ પ્રસ્તુત છે.

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજાનો વાર્ષિક દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૩

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજામાં આજે સંસ્થાનો સત્રાંત દિવસ ઉજવાયો હતો જેના કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠનાં કુલસચિવ રાજેન્દ્રભાઈ ખીમાણી મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા. કાર્યક્રમનાં આરંભે મહાવિદ્યાલયની પ્રાર્થના અને ભજન રજૂ થયા હતા તો મુખ્ય મહેમાનનો પરિચય અને શાબ્દિક સ્વાગત સંસ્થાનાં સંયોજક રાજીવ પટેલે આપ્યો હતો. ત્યારબાદ મહેમાનનું સ્વાગત મહાવિદ્યાલયની વિદ્યાર્થિની સુરમીલા અને ચેતના રાવળે કર્યું હતું. ત્યારબાદ સમગ્ર વર્ષનો અહેવાલ અધ્યાપક બળદેવ મોરીએ રજૂ કર્યો હતો. વર્ષ દરમિયાન થયેલા શૈક્ષણિક અને ઔદ્યોગિક પ્રવૃત્તિની વિગતે છણાવટ કરી હતી તે પછી વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ વિતરણનો કાર્યક્રમ મુખ્ય મહેમાન અને અધ્યાપકોને હસ્તે રાખવામાં આવ્યો હતો. અધ્યક્ષીય વ્યાખ્યાનમાં ડૉ. રાજેન્દ્ર ખીમાણીએ ગાંધીવિચાર અને ગૂજરાત વિદ્યાપીઠની કામગીરી અને મહત્તા વિશે વિગતે વાત કરી હતી અને અંતે ત્રીજા વર્ષની વિદાય લેતા વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા. કાર્યક્રમનાં અંતે આભારવિધિ ડૉ. ગેલજી ભાટિયા અને સંચાલન ઉષાબહેન પટેલે કર્યું હતું.

ભેદ ખૂલ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં ચાર મહિના અગાઉ આરોપી અજય ઉર્ફે અજુ પોતાના મિત્રો સાથે પલ્સર બાઈક લઈ ગાંધીનગર આવ્યો હતો. આ દરમિયાન એસ.બી.આઈ. બેંકની મુખ્યશાખામાં પૈસાની લેવડદેવડ કરતા ઈસમો પર વોચ રાખી સે. ૨૮માં સરકારી રહેણાંક વિસ્તારમાંથી રૂ. ૩ લાખની ચીલઝડપ કરી હતી. આ ઉપરાંત બે મહિના અગાઉ સે. ૧૬માં એચ.ડી.એફ.સી. બેંકમાંથી રૂ. ૫ લાખ ઉપાડીને નીકળતા વ્યક્તિનો પણ આરોપીઓએ પીછો કર્યો હતો. જ્યારે ઘ-૨ પાસે પૈસા લઈને પોતાની ઓફિસમાં જતા વ્યક્તિ પાસેથી રૂ. ૫ લાખની ચીલઝડપ કરી હતી. આ ઉપરાંત શહેરમાં સે. ૨૩ શોપીંગ વિસ્તાર તેમજ પંચદેવ મંદિર સામે ચેઈન સ્નેચીંગના ગુન્હાઓ સંદર્ભે પણ આરોપીએ કબૂલાત કરી છે. વધુમાં પોલીસના હાથે ઝડપાયેલ આ આરોપી તેમજ તેના મિત્રો વાહનચોરી, અપહરણ ઉપરાંત મિલ્કત સંબંધી ગુન્હાઓમાં પણ સંડોવાયેલા હોવાનું પણ પોલીસ તપાસમાં ધ્યાને આવ્યું છે.

ગ્રામ પંચાયતો સમરસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અલુવા, પ્રતાપપુરા, ભાઉપુરા, બાલવાનો સમાવેશ થાય છે.

માણસા તાલુકાની દેલવાડ, ઉમીયાનગર, પાલડીવ્યાસ, અમરાપુર, પુંધરા ગ્રામ પંચાયત સમરસ થવા પામી છે.

દહેગામ તાલુકાની બે પંચાયતો સમરસ થઈ છે તેમાં લીહોડા અને લાબાજીના મુવાડાનો સમાવેશ થાય છે.

હવે બાકી રહેલ ૬૯ ગ્રામ પંચાયતોમાં ઈ.વી.એમ.ની મદદથી ૧૫મી એપ્રિલે ચૂંટણી યોજાશે. જિલ્લામાં હજુ પણ એક-બે ગામનો વધારો સમરસ થાય તેવી શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે. આ માટે ગ્રામજનોની બેઠકો ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

મોબાઈલ ચોર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર એન.એલ. દેસાઈ તેમજ પોલીસ સ્ટાફના માણસોએ પેથાપુર ચાર રસ્તા નજીક સઘન પેટ્રોલીંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન શંકાસ્પદ રીતે ફરતા ત્રણ કિશોરો ધ્યાને આવતા ત્રણેય પોલીસને જોઈ ભાગવા જતા શંકા પડતા પોલીસે ત્રણેયને રોકી પૂછતાથ હાથ ધરી હતી. આ દરમિયાન અંગ ઝડતી લેવાતા તેમની પાસેથી જુદા જુદા ૭ નંગ મોબાઈલ અને એસેસરીઝ રૂ. ૧૨૧૫૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જેના અનુસંધાને પોલીસે પુછતાછ હાથ ધરતા આ ત્રણેય શખ્સોએ મોજશોખ માટે ચાર મહિના અગાઉ પેથાપુર બજારમાં સ્થિત મોબાઈલની બે દુકાનોમાંથી ચોરી કરી હોવાનું પોલીસ સમક્ષ કબુલ્યું હતું. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આ દરમિયાન અન્ય ગુન્હાઓનો ભેદ ઉકેલાય તેવી શકયતા પણ સૂત્રોએ વ્યક્ત કરી છે.

વહેલી સવારે અકસ્માત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નં. જીજે-૧-એ.એમ.-૬૪૮૧ ને ટક્કર મારી હતી. બેફામથી લકઝરીના ચાલકે રીક્ષાને ટક્કર મારતા રીક્ષા ૫૦૦ ફૂટ ઘસડાઈ હતી. અકસ્માતના આ બનાવમાં રીક્ષામાં બેઠેલા ૪૯ વર્ષીય નરેશભાઈ સિવપ્રસાદ પ્રજાપતિ (રહે. હાંસોલ, ઠાકોરવાસ) ને ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ચાર વ્યક્તિઓને ઈજાઓ થતા ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મૃત્યુ પામનાર નરેશભાઈ હાંસોલથી ગિયોડ માતાજીના દર્શન કરવા અર્થે જતા હતા. ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. બનાવ સંદર્ભે કુબેરનગરમાં રહેતા રાજેશભાઈ મનવરભાઈ પ્રજાપતિએ ચિલોડા પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી પી.એસ.આઈ. એલ.એમ. પરમારે વધુ તપાસ હાથ ધરી છે.

નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

ડૉ. પ્રિતેશે માથું કૂટ્યું, ગજબ થઈ ગયો યાર, બિચારા રીક્ષાવાળાને પોલીસે મારી મારીને અડધો કરી નાંખ્યો હશે. ચાલ આપણે ત્યાં જઈએ. ઈન્દુ તું પણ ચાલ, ચીમનને છોડાવવો પડશે. તેમણે પોલીસને આખી વાત સમજાવી રીકવેસ્ટ કરીને ચીમનને છોડાવ્યો.

મારથી ખુબ જ વ્યથિત થયેલ ચીમને કહ્યું. 'સાહેબ હવે કંઈ બાકી રહી ગયું હોય તો પૂરું કરો.'

પોતાની આંખના આંસુ લૂંછતાં ઈન્દુ એ કહ્યું. ચીમન અમને માફ કરી દે. અમારાથી મોટી ભૂલ થઈ ગઈ. તારા જેવા પ્રમાણિક અને ભલા માણસને અન્યાય કર્યો. અમારી દીકરી સહી સલામત મળી ગઈ છે. તને જે મુશ્કેલી પડી તેનો અમને ખેદ છે. પ્રાયશ્ચિત રૂપે અમે તને આ હજાર રૂપિયા આપવા માંગીએ છીએ. ચીમન લે આ લઈ લે.'

ચીમને ધ્રૃણાથી એ રૂપિયા સામે જોયું. પછી એક ક્ષણ ઈન્દુની સામે જોઈ બોલ્યો. 'મેંડમ તમે મોટા લોકો ગરીબ માણસને તમારી દૃષ્ટિએ ચોર અને બેઈમાન સમજી શકને આધારે તેની ચામડી ઉતરાડાવી દો. તમારા આ પૈસા તમારી પાસે રાખો. મારે તેની જરૂર નથી. તમે મારા ફક્ત એક સવાલનો જવાબ આપો. તમે મારી સાથે આવું કેમ કર્યું? શા માટે?'

ચીમન જતો રહ્યો. ડૉ. પ્રિતેશ અને ઈન્દુ નિઃશબ્દ ઊભાં રહ્યાં. તેમની પાસે ચીમનના સવાલનો જવાબ કયાં હતો.

- vanvihari@gmail.com

શબ્દાવલી - ૪૬૮૯

૧	૨		૩	■	૪	૫	
૬		■	૭				■
૮		■		■	■	૯	૧૦
■			૧૧	૨	■	૧૩	
૧૪	■	૧૫			■		
૧૬	૧૭		■	૧૮	૧૯	૨૦	
૨૧			■	■	૨૨		■
■	૨૩				■	૨૪	

આડી ચાવી

૧. તકરાર, બોલાચાલી (૪)
૪. દાટવું તે, દફનાવવું (૩)
૬. સોનાની શુદ્ધતાનું માપ (૨)
૭. ગલી, શેરી (૪)
૮. દૂધી, નેઇ (૨)
૯. વાહન (૨)
૧૧. હુકમો, ચલમ (૨)
૧૩. દુઃખ, દર્દ (૨)
૧૫. એક પ્રસિદ્ધ ભક્ત કવિ અને જ્ઞાની સુફી સંત (૩)
૧૬. સમજશક્તિ, નાનું ડગળ (૩)
૧૮. સૂર્ય, ભાસ્કર (૪)
૨૧. પારકુ (૩)
૨૨. યશ, કિર્તી (૨)
૨૩. સગાઈ, સંબંધ (૪)
૨૪. આલિંગન, ભેટવું તે (૨)

ઊભી ચાવી

૧. કેસ, મુકદ્દમો (૩)
૨. કમ્મરથી રહી જવું તે (૪)
૩. આકાશને આંબે તેવી (૫)
૪. કૃપા, અનુકંપા (૨)
૫. શિકાયત, ગીલા (૪)
૧૦. 'પાનખર' શબ્દ આડો અવળો (૪)
૧૨. ભીડ, સમૂહ (૩)
૧૪. કડકાઈ, હાઉ (૩)
૧૫. અત્યારે હળાહળ .... ચાલે છે (૪)
૧૭. મિલકત, વારસો (૩)
૧૯. કંટાળેલું, હારેલું (૨)
૨૦. કલા, હુન્નર (૩)

સમાચાર ઝલક

- બરેલી-ભુજ એક્સપ્રેસ ટ્રેનના બ્રેક ફેલ થતા તંત્રમાં ભાગદોડ
- તીવ્ર ગરમી : અમદાવાદમાં તાપમાન વધી ૪૦.૮ ડિગ્રી
- કતલખાનાઓને બંધ કરવામાં મોદી સરકાર નિષ્ફળ : કોંગ્રેસ
- આદર્શ હાઉસિંગ કૌભાંડમાં બે અધિકારીઓની ધરપકડ કરાઈ
- પાલીતાણાની આસપાસમાં કતલખાના હજુય ચાલી છે
- પેટા ચૂંટણીના એનસીપી ઉમેદવારને સસ્પેન્ડ થયા
- શાહવાડી, અમરાઇવાડીના લોકોને નર્મદાનું પાણી અપાશે
- જમીન માપણીની કામગીરી માટે ૩૦ વાહનની ફાળવણી
- દિલ્હી પબ્લિક સ્કુલને રીફંડ આપવા માટે આદેશ અપાયો
- નવરંગ-સિલ્વરબેલ સ્કૂલની ગેરરિતીને બોર્ડ છાવરી રહ્યુ છે
- સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરીયલ સોસાયટી દ્વારા રાષ્ટ્રીય સલામતી અંગે સેમીનાર યોજાયો
- ડ્રાઇવર યા પિવા ગયોને પૈસા ભરેલું પર્સ એકાએક ચોરાયુ

ડાયમડેલ દુબઈનું ઉદ્‌ઘાટન સરળતાથી થઈ ચૂક્યું છે, સંપૂર્ણ કાર્યશીલતા તરફ પ્રયાણ કર્યુ છે અને વેચાણનો પ્રારંભ થયો છે

ડાયમડેલ દુબઈ તે ઓગસ્ટ ૨૦૧૧માં પ્રસ્થાપિત ડાયમડેલ એનવીની શાખા છે જે હવે સંપૂર્ણ પણે કાર્યશીલ છે અને યુએઈ અને ભારત સ્થિત વેપારોને રફ હિરા ખરીદવાની ઓનલાઈન લીલામો મારફત નિયમિતપણે તકો પૂરી પાડે છે.

રાઈઝાર્ડ બિલીમોરીઆ જેઓ લીલામીના દુબઈ સ્થિત સેલ્સ મેનેજર છે તેઓએ ટીપ્પણી કરી કે સપ્ટેમ્બર ૨૦૧૧થી અમને અમારા ડાયમડેલ રેઝ ઈ-ઓકશન અને માલ જોવા માટે યુએઈ અને ભારત સ્થિત ડાયમંડ કંપનીઓના અર્થવાહક રજીસ્ટ્રેશનોની માત્રા જણાઈ આવી છે. અમારી નવી નક્કોર દુબઈની ટીમે અમારી અલ્માસ ટાવરની ઓફીસોમાં ઘણાં બધા ગ્રાહકોને આવકાર્ય છે અને અમે પ્રોત્સાહિત એટલે થયા છીએ કે તે ગ્રાહકોમાંથી સારી એવી સંખ્યા સાથે નિયમિત ધંધો થયો છે, તથા ક્ષેત્રના વેપાર ડાયમેડલ રજૂ કરે છે તે તકો પ્રતિ પ્રતિસાદ આપી રહ્યા છે.

ડાયમડેલ ડી બિયર્સના માલની સંપૂર્ણ શ્રેણી રફ ડાયમંડના વેપારીઓને રજૂ કરે છે જે વિશિષ્ટ એસોર્ટમેન્ટમાં હોય છે. સિંગલ અને મલ્ટી- યુનિટ ઓકશનમાં લેનારને તેમના પુરવઠાની જાત અને માત્રા નિર્ધારિત કરવાની સમાન તકો સાંપડે છે. ડાયમડેલ વિશેની વધુ માહિતી માટે, અમારી સાથે કેવી રીજે રજીસ્ટર કરવું તેમ જ ૨૦૧૨માં આવતા ઓકશનના પ્રસંગો માટે **www.diamdel.com** નો સંદર્ભ લો.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

દરેક ટીમનો ચકાચક ડ્રેસ, રાતનાં ઝગમગાટમાં રમાતી મેચ, નામાંકીત મૉડેલ્સ અને હીરોઇનોની આકર્ષક વસ્ત્ર પરિધાનમાં મેદાન પરની પરિસ્થિતિ... અને સૌથી વિશેષ એટલે મેચ દરમિયાન કોઈ પણ પરિસ્થિતિમાં ઢાલ ઘરવાડમાંથી કટપીસનાં ટૂકડાંમાંથી ટૂંકા વસ્ત્રો બતાવી જરૂર પુરતાં અંગો ઢાંકી બીજા બધાં પ્રદર્શનમાં મુકી કમનીય શરીરનું દર્શન કરાવી. જોનારાંને આકર્ષતી ચિઅર્સ ગર્લ્સે ક્રિકેટનો મનોરંજનનાં તડકા સાથે ત્રણ કલાકનો રીયાલીટી શૉ બનાવી પ્રથમ આઈ.પી.એલ.ને સુપરડુપર હીટ બનાવી દીધો...

કૉલેજનાં યુવક-યુવતીઓ ટી-૨૦ને કારણે જ ધોની જેવી હેર સ્ટાઇલ ધરાવતાં ઝારખંડનાં સૌરભ તિવારીને ઓળખતાં થયાં. યુસુફ પઠાણનાં ટાવરીંગ છગ્ગા, સ્મિથની રિવર્સ સ્વિપ, પીટરસનની સ્વિચ હીટ, મલિંગાનો અંગૂઠાતોડ યોર્કરની ચર્ચાએ કૉલેજ કેમ્પસ અને ગલ્લાઓ પર થવા લાગી. બે મિનિટમાં બ્રેકમાં જાહેરાતોનો ઝુંઝાર પણ લોકોને ગમવા લાગી.. ક્રિકેટોની એમની ટીમ જેવા કપડાંનું માર્કેટ ઉંચકાયું. 'દોસ્ત, દોસ્તા ના રહા, અને દુશ્મન ભી ગલે મીલ જાતે હૈ નાં' દંશ્યો ક્રિકેટરો વચ્ચે દેખાવાં લાગ્યાં...

બધું જ ગુલાબી - ગુલાબી અને ગુડી - ગુડી લાગનારાં આઈ.પી.એલ.નાં સિક્કાની બીજી બાજુ એટલી લિસ્સી - આકર્ષક નથી. ક્રિકેટનું વ્યાવસાયીકરણ તો ઠીક, પણ આઈ.પી.એલ. એટલે ક્રિકેટનો બાઝાર અને ક્રિકેટરો એટલે આ બાઝારનાં ગુલામ જેવી ટીકા આ સ્પર્ધા માટે કરાય છે. ક્રિકેટ ટીમનાં માલિકો કે જેને 'ફ્રેન્ચાઈઝી' જેવું રૂપાળું નામ આપ્યું છે, જેને ક્રિકેટની ગતાગમ નથી પડતી એ એની ટીમનો કેપ્ટન બનાવવામાં દખલગીરી કરે, જાહેરાતોમાં કામ કરવાં ક્રિકેટર પર સત્તી કરે, ઈજાગ્રસ્ત ખેલાડીને પરાણે રમાડે આ બધી બાબતો એટલે 'પહેલાં મારો ધંધો' પછી તારું ક્રિકેટ અને કરિઅર એવી કડવી વાતો સામે આવે છે!!

ક્રિકેટરો ય આઈ.પી.એલ.ની ધનવર્ષા સામે ગમે તેવો ભાંગડા કરવા તૈયાર થઈ જાય છે. વિરેન્દ્ર સહેવાગ ખભાની સર્જરી આગળ ધકેલે, મહેન્દ્રસિંહ ધોની ક્રિકેટનાં વ્યસ્ત કાર્યક્રમ માટે ટીકા કરે અને એ જ પાછો ઉનાળામાં બે મહિના ચાલનારી આઈ.પી.એલ. માટે ભારત દર્શને કોઈ પણ જાતની તકરાર વગર બેગ લઈને ફરતો રહે છે... ટીમનાં ફીજીયો ગંભીરને એની ફિટનેસ માટે ગંભીર થવાનું કહે તો એ આઈ.પી.એલ.ની કમાણી માટે ગંભીર થતો દેખાય... વેસ્ટ ઈન્ડિઝનો પોલાર્ડ, બ્રાહો અને ગેઈલ દેશની ટીમમાં રમવાનો ઈન્કાર કરે, લસીથ મલિંગા ટેસ્ટ મેચમાંથી નિવૃત્તિ લઈને આ તમાશા ક્રિકેટમાં રમવાનું ચાલુ રાખે... યાદી લાંબી થાય એમ છે, પણ પૈસાની ખનાખન સામે દેશદાઝની ઐસી તૈસી કરતાં ક્રિકેટરો ખુટે એમ નથી!!

મહાશતકનાં ટેન્શનમાંથી મુક્ત થયેલો સચિન, વિરાટનાં ખીલવાથી મજબૂત બનેલી બેંગ્લોર, ચેન્નાઈને વિજયી હેટ્રીક અપાવવાં રમનારો ધોની, નિવૃત્તિ બાદ રાજસ્થાનનો કપ્તાન બનેલો દ્રવિડ અને કોઈ પણ ટીમમાં ભિખારીની જેમ બળજબરી ગળે પડી ઘુસનારો ગાંગુલી કેપ્ટન તરીકે પૂણેની ટીમને તારશે કે ડુબાડશે? એ થોડા દિવસોમાં જ ખબર પડી જશે... ટી.વી. સામે ગોઠવાઈને જોનારાં કે સ્ટેડિયમમાં જઈ ચિઅર્સ ગર્લ્સ સાથે જ ચિઅર્સ કરનારાં પ્રેક્ષકો માટે તો આ મનોરંજનનાં માધ્યમ અથવા ત્રણ કલાકનો રિયાલીટી શૉ હશે તોય મેદાન પર રમનારાં ખેલાડીઓ માટે હજી પણ પરીક્ષા જ સાબિત થશે, હવે એ આ પરીક્ષા કેટલી ગંભીરતાથી આપી ઑરેન્જ કે બ્લ્યુ કેપ મેળવે છે એના પર જ તો આઈ.પી.એલ.નું ભવિષ્ય ટકેલું છે!!

ચૂંટલો :

દેશ માટે અને ટીમ માટે રમવાનું ગૌરવ અનુભવતાં ક્રિકેટરો જયારે માર્કેટીંગ મિક્સ મસાલા આઈ.પી.એલ. ક્રિકેટ માટે ફિટનેસનાં ભોગે મેદાન પર ભાગતાં દેખાય ત્યારે સાબિત થાય છે કે રમત કરતાં રૂપિતાનું પલડું ભારે હોય છએ!!

- hellosanjay108@gmail.com